# ભાજપમાં ૪૪ બેઠકો માટે ૫૦૦ થી વધુ દાવેદારો

## વોર્ડ નં. ૧, ૧૦, ૧૧, ૫, ૭ માં દાવેદારોની સંખ્યા મોટી રહી, ૪ સ્થાનો પર સવારથી સાંજ સુધી દાવેદારોની રજુઆતો ચાલી





નિરીક્ષકોએ પણ અટપટા સવાલો દાવેદારોને કરી શહેર અને વોર્ડની સ્થિતિનો ક્યાસ મેળવ્યો : પૂર્વ હોદ્દેદારો, કાઉન્સીલરો અને નવા ચહેરાઓની ભારે ભીડ રજુઆતોના સ્થળો પર જોવા મળી

**કયા વોર્ડમાં કેટલા દાવેદાર**

| | |
|---|---|
| વોર્ડ નં. ૧ | ૫૫ |
| વોર્ડ નં. ૨ | ૫૨ |
| વોર્ડ નં. ૩ | ૫૯ |
| વોર્ડ નં. ૪ | ૪૨ |
| વોર્ડ નં. ૫ | ૪૪ |
| વોર્ડ નં. ૬ | ૪૯ |
| વોર્ડ નં. ૭ | ૫૫ |
| વોર્ડ નં. ૮ | ૫૮ |
| વોર્ડ નં. ૯ | ૬૧ |
| વોર્ડ નં. ૧૦ | ૪૧ |
| વોર્ડ નં. ૧૧ | ૪૩ |
| **કુલ** | **૫૫૯** |

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગર પાલિકાની ૪૪ બેઠકો માટે આજે ૫૦૦ થી વધુ ટિકિટવાંચ્છુઓએ ટિકિટ મેળવવાનો તેમનો દાવો રજુ કર્યો છે.

મહાનગરપાલિકાની ૪૪ બેઠકો માટે આજે સવારે ૧૦.૩૦ થી શરૂ થયેલી રજુઆતોનો દોર સાંજ સુધી ચાલ્યો હતો. દરેક વોર્ડમાં ૪૦ થી વધુ દાવેદારોએ દાવેદારી નોંધાવી છે.

૧૮મી એપ્રિલે યોજાનાર મનપાની સામાન્ય ચૂંટણી માટે ૨૭મી માર્ચે જાહેરનામુ પ્રસિદ્ધ થવાનું છે. આજે ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

ગાંધીનગર મનપાની આ ત્રીજી સામાન્ય ચૂંટણી માટે ૧૧ વોર્ડ નિયત કરાયા છે. શહેરમાં ૧૮ ગામ અને ૧ નગરપાલિકાને ભેળવવામાં આવેલ છે. ૧૧ વોર્ડનું નવુ સીમાંકન હોવાથી નવીન દાવેદારોની સંખ્યા પણ વધુ જોવા મળી હતી.

ભાજપમાં કેટલાક કાર્યકરો તો કલરીંગ બાયોડેટા તૈયાર કરી અને બાઈન્ડીંગ કરી લઈ આવ્યા હતા.

આજે સૌથી વધુ દાવેદારી વોર્ડ નં. ૫ માં ટિકિટવાંચ્છુઓ દ્વારા કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. નવા વોર્ડ નં. ૧૦ અને ૧૧ તેમજ વોર્ડ નં. ૧ માં પણ દાવેદારોની સંખ્યા ૪૦ થી વધુ હોવાનું જાણવા મળેલ છે.

૧૨ નિરીક્ષકો દ્વારા ૪ અલગ અલગ સ્થાનો પર રજુઆતો સાંભળવામાં આવી હતી. રજુઆતો કરનારાઓમાં નવા દાવેદારો ઉપરાંત વર્તમાન કાઉન્સીલરો તેમજ પૂર્વ કાઉન્સીલરોનો પણ સમાવેશ થતો હતો.

નિરીક્ષકો દ્વારા દાવેદારો સાથે અટપટા પ્રશ્નો પુછી અને શહેરની તેમજ વોર્ડની રાજકીય સ્થિતિનો તાગ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. કેટલાક સિનીયર્સ આગેવાનો સાથેની પ્રશ્નોત્તરીમાં પક્ષના સંગઠન તેમજ મનપાના નવા સીમાંકનના પ્રશ્નો ઉપરાંત કઈ બાબતો પર ભાર મુકવો જરૂરી છે તેવા પ્રશ્નોના જવાબ મેળવ્યા હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# હવે કોંગ્રેસ દ્વારા સતત બે દિવસ દાવેદારોને સાંભળવામાં આવશે

**ઉમેદવાર એકલાએ જ રજુઆત માટે આવવાનું રહેશે : કોરોનાની ગાઈડલાઈનનું પાલન થશે, સે. ૨૨ ના પક્ષના કાર્યાલય ખાતે રજુઆતો સાંભળવામાં આવશે**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર મહાનગર પાલિકાના ચૂંટણી જંગ માટે કોંગ્રેસ પક્ષ દ્વારા નિમાયેલા નિરીક્ષકો હવે ૨૫ અને ૨૬ માર્ચ એમ બે દિવસ દાવેદારોની રજુઆતો સાંભળશે.

ગાંધીનગર શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિક શાહ દ્વારા જારી કરાયેલ અખબારી યાદીમાં જણાવ્યા મુજબ શહેર કોંગ્રેસ સમિતિના સે. ૨૨ સ્થિત કાર્યાલય ખાતે રજુઆતો સાંભળવામાં આવશે.

આ યાદીમાં જણાવાયા મુજબ ઉમેદવારો દ્વારા એકલાએ જ રજુઆત કરવા આવવાનું રહેશે. કોઈપણ ટેકેદારોને સાથે લાવવા નહિ. કોરોનાની ગાઈડલાઈનનું ચુસ્તતાથી પાલન કરવાનું રહેશે.

આ યાદીમાં જણાવાયુ છે કે ૨૫મીએ બપોરે ૧ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધીમાં વોર્ડ નં. ૧ થી ૬ ના દાવેદારોની રજુઆત સાંભળવામાં આવશે. દરેક વોર્ડની રજુઆતો માટે એક કલાકનો સમય નિરીક્ષકો દ્વારા ફાળવવામાં આવશે.

૨૬મીએ બપોરે ૧ થી ૬ દરમ્યાન વોર્ડ નં. ૭ થી ૧૧ ની રજુઆતો સાંભળવામાં આવશે.

આ યાદીમાં ઉમેદવાર પોતાની સાથે પોતાના ટેકેદારોની સહિ, ટેલિફોન નંબર સાથેની વિગતો રજુ કરી શકશે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં બે વર્ષમાં માર્ગ-અકસ્માતના ૧૧૨૫ દુર્ઘટના

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૧૨૫ અકસ્માતના બનાવો નોંધાયા છે.

રાજ્યના મુખ્યમંત્રીએ માણસાના કોંગી ધારાસભ્ય સુરેશભાઈ પટેલના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં આ વિગતો આપી છે.

તેમણે જણાવ્યુ છે કે વર્ષ ૨૦૧૯ માં ૬૫૭ અકસ્માત અને ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ જિલ્લામાં ૪૬૮ અકસ્માતોના બનાવ નોંધાયા છે. આ અકસ્માતના બનાવોમાં ૩૯૨ વ્યક્તીઓએ તેમના જીવ ગુમાવ્યા છે. વર્ષ ૨૦૧૯માં ૨૨૯ અને ૩૧-૧૨-૨૦ સુધીમાં ૧૬૩ વ્યક્તીઓએ જીવ ગુમાવ્યા છે. તેમણે જણાવ્યુ છે કે અકસ્માતના બનાવો ઘટે તે માટે જન જાગૃતિ અભિયાન તેમજ ટ્રાફિકના નિયમોનું ચુસ્તતાથી પાલન થાય તે માટે સઘન ટ્રાફિક ઝુંબેશ પણ ચલાવવામાં આવે છે. તેમણે જણાવ્યુ છે કે રાજ્યમાં પોલીસ વિભાગ દ્વારા ટ્રાફિક નિયમોના ભંગ બદલ એકત્રિત કરાયેલ સ્થળ દંડની પુરેપુરી રકમને રાજ્ય માર્ગ સુરક્ષા નિધીમાં ફાળવી તેમાંથી માર્ગ સલામતિના વિવિધ પગલાંઓનું પણ આયોજન કરવામાં આવે છે.

# શહેરના ટાઉનહોલના રીનોવેશનનુ કામ ટુંક સમયમાં શરૂ કરી દેવાશે

ગાંધીનગર તા ૨૩

ગાંધીનગરના ટાઉન હોલનનો પ્રોજેકટ છેલ્લા ત્રણ વર્ષથી ગોથે ચઢયો છે. અલબત્ત અત્યાર સુધી કાગળ પર ફરતી રીનોવેશનની યોજના સંદર્ભે હવે કામ હાથ ધરાશે. હોલના રીનોવેશન માટે ટેન્ડર પ્રક્રીયા પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે ટુંકમાં કામ પણ શરૂ કરી દેવાશે.

**ટાઉનહોલના રીનોવેશનનો પ્રોજેકટ છેલ્લા ત્રણ વર્ષથી ગોથા ખાય છે : આખરે ટેન્ડર થતા ટુંકમાં કામ હાથ ધરાશે : હોલની સાઉન્ડ સિસ્ટમ, સ્ટેજ અને બેઠક વ્યવસ્થા સહીત એસી પ્લાન્ટનુ કામ હાથ ધરાશે**

છેલ્લા દોઢ વર્ષથી ટાઉનહોલ બંધ હાલતમાં છે.ત્યારે રીનોવેશનનુ કામ પણ ઝડપથી પુર્ણ થાય તેવી લાગણી અને માંગણી પણ પ્રબળ બની છે.

ગાંધીનગરના ટાઉનહોલના રીનોવેશનનો પ્રોજેકટ છેલ્લા ત્રણ વર્ષથી ટલ્લે ચઢયો છે. કોરોનાની મહામારી વચ્ચે છેલ્લા દોઢ વર્ષથી આમ પણ સાંસ્કૃતિક તેમજ અન્ય કાર્યક્રમો બંધ છે. ટાઉન હોલ છેલ્લા ઘણાં સમયથી જોખમી હાલતમાં હોવાથી લોકડાઉન પુર્વે જ હોલ ભાડેથી આપવાનુ બંધ કરી દેવાયુ હતુ. છેલ્લા ત્રણ ચાર વર્ષથી ટાઉનહોલનો ઉપયોગ કરતા કાર્યક્રમના આયોજકો તેમજ કલાકારો અને શ્રોતાગણ પણ તોબા પોકારી જતા આખરે હોલ ભાડે ન આપવા વિભાગ કક્ષાએથી નિર્ણય લેવાયો હતો. ટાઉનહોલમાં કાર્યક્રમના આયોજન દરમિયાન સ્ટેજ પરથી લાઈટ પડવાની સાથે મંચ પર દોડતા ઉંદરો અને સાંકડી

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ૨૦ તો ગ્રામ્યમાં ૧૬ નવા કેસ

**દહેગામમાં ૩, માણસામાં ૧ અને કુડાસણમાં ૬ સહિત ગાંધીનગરમાં ૧૨ કેસ : સે. ૩, ૪, ૨૩ માં ૩-૩ કેસ, સે. ૨૬, ૨૮ અને ૩-એ-ન્યુમાં ૨-૨ કેસ ઉપરાંત ૭, ૮, ૯, ૧૯ માંથી કેસો મળી આવ્યા : જિલ્લામાં ચેપરેટ ૨ ટકાએ પહોંચ્યો**

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના ૩૬ કેસ નોંધાતાં તંત્ર સતત દોડધામ કરતુ નજરે પડ્યુ હતુ. ગ્રામ્ય વિસ્તારમાં ૧૬ અને શહેરમાં ૨૦ કેસ નોંધાયા છે.

જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા જેટ ગતિએ વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતાઓ વધી છે. ગ્રામ્ય વિસ્તારમાં પણ જે રીતે કેસો મળવાના શરૂ થયા છે તેને કારણે તંત્રની દોડધામ પણ વધવા પામી છે.

જિલ્લામાં જે ગતિએ કેસો મળી રહ્યા છે તેથી જિલ્લામાં ચેપરેટ ૨ ટકા પર પહોંચ્યો હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાંથી ૭ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આજે નોંધાયેલા કેસોમાં ૭ મહિલા દર્દી તેમજ એક વિદ્યાર્થીનો સમાવેશ થાય છે. મોટીવયના લોકો પણ સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં દહેગામમાં ૩ કેસ અને માણસામાં એક કેસ ઉપરાંત ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૨ કેસ નોંધાયા છે.

દહેગામ તાલુકાના બહિયલ ગામેથી એક અને હરસોલી ગામેથી બે કેસ મળી આવેલ છે.

માણસા અર્બન વિસ્તારમાંથી પણ આજે એક વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર તાલુકાના કુડાસણ ગામેથી આજે વધુ ૬ કેસ નોંધાયા છે. કુડાસણ કોરોનાની પ્રથમ લહેરથી જ સંવેદનશીલ વિસ્તાર છે અને હવે તે અતિ સંવેદનશીલ વિસ્તાર બની ચુકેલ છે.

તાલુકામાં રાયસણ ગામેથી બે, સરગાસણમાંથી બે કેસ ઉપરાંત વાવોલ અને શેરથા ગામેથી એક કેસ મળી આવેલ છે. શેરથામાં ૧૭ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લામાં આજે વધુ ૧૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આ સાથે ૪૨૬૨ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૭૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જ્યારે ૯૯૯ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

દરમ્યાન તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે એક જ દિવસમાં ૪૪૦૦ થી વધુ લોકોને વેક્સીનેશન માટે આવરી લેવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૨૦ કેસ મળી આવતાં તંત્ર આખો દિવસ સતત દોડધામમાં વ્યસ્ત જોવા મળ્યુ હતુ. આજે નોંધાયેલા તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે જેને તંત્રએ મંજૂરી આપી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૧ મહિલા દર્દીઓ છે. ૧૫ જેટલા મોટીવયના દર્દીઓ છે.

શહેરમાં વધતા જતા કેસોને પગલે કન્ટેનમેન્ટ ઝોન પણ વધવા પામ્યા છે. શહેરમાં સોશ્યલ ડિસ્ટન્સીંગના પાલન અને માસ્ક પહેરવાના નિયમનું કડક અમલીકરણ કરવા માટે પણ તંત્ર દ્વારા તાકીદ કરવામાં આવી છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં એલ.ડી. ઈજનેર કોલેજના અધ્યાપક, નવા સચિવાલયના ઉદ્યોગ ખાણ વિભાગના અધિકારી, ખેડૂત, એક વેપારીનો સમાવેશ થાય છે.

કોરોના માટે સંવેદનશીલ ગણાતા સે. ૨૩ માંથી ૩, સે. ૩ માંથી ૩, સે. ૪ માંથી ૩ કેસ મળ્યા છે. સે. ૨૬, ૨૮ અને ૩-એ-ન્યુ માંથી બે-બે કેસ મળ્યા છે. આ ઉપરાંત સે. ૧૩, સે. ૭, ૮, ૯ અને ૧૯ માંથી કેસો મળી આવ્યા છે.

શહેરમાં કેસોની સંખ્યા વધી છે. આજે વધુ નવ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં એક્ટીવ કેસની સંખ્યા ૧૩૦ પર પહોંચી છે. શહેરમાં જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

# મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ગાંધીનગર(દ) વિસ્તારમાં ૧૨.૨૯ કરોડના કામો મંજૂર કરાયા

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર (દ) વિધાનસભા મત વિસ્તારમાં કાચાથી ડામરના રસ્તાઓ તથા પાકા રસ્તાઓના વાઈડનીંગ માટે રૂ. ૧૨.૨૯ કરોડના કામો મંજૂર કરવામાં આવ્યા છે.

રાજ્યના નાયબ મુખ્યમંત્રી અને માર્ગ મકાન વિભાગનો હવાલો ધરાવતા નીતિનભાઈ પટેલે એક પત્ર લખીને આ મંજૂર થયેલા કામોની જાણકારી ધારાસભ્ય શંભુજી ઠાકોર, સાંસદ હસમુખભાઈ પટેલ, ગાંધીનગર તાલુકા ભાજપના પ્રમુખ જશુભાઈ પટેલ તથા જિલ્લા ભાજપના પ્રમુખ નૈલેશભાઈ શાહને આપી છે.

મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત આ કામોને આપવામાં આવેલી મંજૂરીથી ગ્રામીણ વિસ્તારોમાં આંતર માળખાકીય સુવિધાઓ સુદઢ થશે. નાયબ મુખ્યમંત્રીના આ વિકાસલક્ષી સંવેદનશીલ નિર્ણયને આ આગેવાનો ઉપરાંત કાર્યકરોએ આવકારી અને આભાર માન્યો છે.

મળતી વિગતો પ્રમાણે ૧૯.૫૦ કિ.મી.ની લંબાઈ ધરાવતા ૧૧ માર્ગો પર માટીકામ, મેટલ કામ, નાળા કામ અને ડામર કામ રૂ. ૧૦૧૪ લાખના ખર્ચે હાથ ધરવામાં આવશે.

આ ઉપરાંત છાલા-કાનપુર રોડ ૩ કિ.મી.નો છે તે હયાત ૩.૭૫ મીટરમાંથી ૫.૫૦ મી. પહોંળાઈમાં વાઈડનીંગ અને રીસરફેસીંગ માટે રૂ. બે કરોડ ૧૫ લાખ મંજૂર કરવામાં આવેલ છે. આ કામોના જોબ નંબર પણ ફાળવી દેવામાં આવ્યા હોવાથી આગળની કાર્યવાહી જિલ્લા કક્ષાએ ઝડપથી હાથ ધરવા માટેની પણ સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

# ગાંધીનગર તાલુકા પંચાયતની ૨૬મીએ બજેટ બેઠક મળશે

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર તાલુકા પંચાયતની બજેટ બેઠક આગામી ૨૬મી માર્ચના રોજ યોજાશે. આ બજેટ બેઠક પૂર્વે કારોબારી સમિતિની પણ બેઠક મળનાર છે.

તાલુકા પંચાયતના પ્રમુખ ગોપાળજી ઠાકોરના અધ્યક્ષપદે મળનારી આ બેઠકમાં કોરોનાની ગાઈડલાઈન્સનું પાલન કરવામાં આવશે.

ફેબ્રુઆરી માસમાં બજેટનો મુસદ્દો તૈયાર કરી અને જિલ્લામાં અવલોકન માટે મોકલવામાં આવ્યો હતો. તે અવલોકન થઈ પરત આવતાં હવે ૨૬મીએ મળનારી બેઠકમાં મંજૂર કરવામાં આવશે.

૨૬મીએ બજેટ બેઠક પૂર્વે તાલુકા કારોબારી સમિતિની બેઠક પણ યોજવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

**ટેલીફોનીક બેસણું**



અમારા માતૃશ્રી પ્રવિણાબેન મહાશંકર પંડ્યાનું તા. ૨૧-૩-૨૦૨૧ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. કોરોના મહામારીને ધ્યાને રાખી સદ્દગતનું ટેલીફોનીક બેસણું તા. ૨૫-૩-૨૦૨૧ને ગુરૂવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ દરમિયાન રાખેલ છે.

વર્તમાન સંજોગોને ધ્યાનમાં રાખી તમામ લૌકિક વ્યવહાર બંધ રાખવામાં આવેલ છે.

દક્ષા અરવિંદ વ્યાસ
Mo. 99987 48482 / 99987 48483
મનિષા રાજેશ વ્યાસ
Mo. 999257 20287 / 76001 16541
હિના હિમાંશુ ભટ્ટ (NZ)
Mo. +64 20 4025 0605 / +64 20 456 2424

જયદીપ(JD) મહાશંકર પંડ્યા
Mo. 97245 01605
શીતલ જયદીપ પંડ્યા
Mo. 99246 66221
ધ્યાન જયદીપ પંડ્યા

પિયર પક્ષનું ટેલીફોનીક બેસણું ઉપરોક્ત તારીખે અને સમયે રાખેલ છે.
બળવંતરાય નાગરદાસ ત્રિવેદી પરિવાર (અરણેજ)
ભાર્ગવ અશ્વિન ત્રિવેદી Mo. 98256 12910
અરવિંદ બળવંતરાય ત્રિવેદી Mo. 98250 39633

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

SURMOUNT HOSPITAL
સરમાઉન્ટ હોસ્પિટલ
પ્લોટ નં.R-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેકટર-૨૬, ગાંધીનગર.
મો. ૮૪૬૯૮૮૦૫૫૦, ૯૬૨૪૪૦૧૯૯૯
ગર્વમેન્ટ માન્ય કોવિડ સેન્ટર
EMERGENCY 24 HOURS SERVICES
કોરોના દર્દીની સારવાર થશે હવે પહેલાના (ગર્વમેન્ટ માન્ય દર) થી પણ ઓછા દરે
કોરોના માટેના મોઘા ઈન્જેકશન Remdesivir માં ૪૦%નું ડિસ્કાઉન્ટ
છેલ્લા બે મહિનામાં ૭૦ થી વધુ દાખલ કોવિડ-૧૯ દર્દીઓનો સારવાર કરવાનો અનુભવ ધરાવતી કોવિડ સારવાર ટીમ
ઘર જેવા વાતાવરણમાં કોવિડની સારવાર એટલે સરમાઉન્ટ હોસ્પિટલ....
કોવિડ સારવાર દરમિયાન જ ગાંધીનગરની સર્વશ્રેષ્ઠ સ્વચ્છ હોસ્પિટલનો એવોર્ડ વિજેતા હોસ્પિટલ
નજીવા લક્ષણો ધરાવતા કોવિડ દર્દીઓને ઘરથી અલગ આઈસોલેશન થવા માટે ઓછા દરે સગવડ. (જમવા સાથેની સુવિધા)
નજીવા લક્ષણો ધરાવતા કોવિડ દર્દીઓને ઘરે સારવાર માટે હોમકેર પેકેજ પણ ઉપલબ્ધ.
વેન્ટિલેટર
ICU
2D Echo
In House Pharmacy
લેબોરેટરીની સુવિધા
કેપિટલ ઓફસેટ, ગાંધીનગર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com